ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૨ ડીગ્રી
લઘુતમ : ૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૩૨ ટકા

# શહેરમાં માર્ગ સલામતી માસની ઉજવણી કરાઈ





ગાંધીનગર, તા. ૮
હાલમાં ચાલી રહેલા માર્ગ સલામતી માસ ઉજવણી નિમિત્તે સોમવારના રોજ ગાંધીનગર ટ્રાફિક પોલીસ દ્વારા એસ.ટી. ડેપો ખાતે ડ્રાઈવર તથા સ્ટાફને સલામત ડ્રાઈવીંગ તથા માર્ગ ઉપર નિયમોના પાલન વિશે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. ટ્રાફિક નિયમન જાગૃતિ માટે એસ.ટી. બસો ઉપર ટ્રાફિકના વિવિધ નિયમો જેમ કે ''વાહન ગતિ મર્યાદામાં ચલાવો - એકસીડન્ટથી બચો, વાહન ચલાવતા મોબાઈલનો ઉપયોગ ન કરો, હેલ્મેટ પહેરો-સલામત ઘરે પહોંચો, અકસ્માત તમને રોકે એ પહેલા અકસ્માતને રોકો, રોડ ક્રોસ કરતા રાહદારીને પ્રાથમિકતા આપો, આપનું વાહન નિયત પાર્કિંગમાં પાર્ક કરો, ROAD SAFETY IS LIFE SAFETY, DRIVE SAFELY DADDY... WE ARE WAITING FOR YOU'' વિગેરે જેવા માર્ગ સલામતીને લગતા સૂત્ર લખેલા સ્ટીકર્સ લગાડવામાં આવ્યા હતા. ગાંધીનગર શહેરનાં વિવિધ સર્કલ તથા હાઈવે રોડ ખાતે પણ આ સ્ટીકર લગાવી તથા એનાઉન્સમેન્ટ દ્વારા વાહન ચાલકોને સ્ટીકરમાં દર્શાવેલ સુત્ર હંમેશા યાદ રાખી તેનું પાલન કરવા તથા સલામત ડ્રાઈવીંગ કરવા ટ્રાફિક પીઆઈ એમ.આર. પુવાર દ્વારા અપીલ કરવામાં આવે છે.



પાણી અમુલ્ય છે. પરંતુ આ અમુલ્ય પાણીનો વેડફાટ આપણે ત્યાં ખુબ થાય છે. પાઈપના લીકેજનું કામ યોગ્ય સમયે કરવામાં આવતું ન હોવાથી પાણીનો બેફામ બગાડ થતો જોવા મળે છે. સેકટર-૧૨માં સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડમાં સ્થિત મુકતા ગૌરી ટ્રસ્ટના નવા બિલ્ડીંગ નજીક પાણીની પાઈપ તુટી જતાં પાણી વેડફાઈ રહ્યું છે. તેનું તાકીદે રીપેરીંગ કામ કરવું આવશ્યક છે.




જનસંખ્યા સમાધાન ફાઉન્ડેશનના ગુજરાત પ્રદેશ દ્વારા 'જનનિયંત્રિત કાનૂન' બનાવીને સમગ્ર ભારત દેશમાં સમાન ધોરણે તત્કાલ લાગુ કરાવવાની માંગ સાથે રવિવારે ગાંધીનગરના સેક્ટર-૪એના શ્રી ઓમકારેશ્વર મહાદેવ મંદિર ખાતે 'સાપ્તાહિક બેઠક'નું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં ઉપસ્થિત સર્વેએ આ આંદોલન ગામેગામ સુધી લઈ જવાનો સંકલ્પ કર્યો હતો. આ બેઠકમાં વિનોદ ઉદેચા, છાયાબેન ખરાડી, જયપાલસિંહ વાઘેલા, ભવ્ય ગાયકવાડ, હાર્દિક પ્રજાપતિ, નલીનીબેન શ્રીવાસ્તવ, હિતેશ ખરાડી, ધર્મિષ્ઠાબેન ચૌહાણ, મીથીલેશ યાદવ, સંગીતાબેન ચૌધરી, ભાર્ગવીબેન ભટ્ટ, વિશ્વજીત ગઢવી વગેરેએ ઉપસ્થિત રહ્યાં હતા.

# સે-૨૮ બગીચામાં ઉભા કરેલ ગ્રામહાટને ખુલ્લુ ન મુકાતા તંત્ર સામે અનેક પ્રશ્નો

ગાંધીનગર, તા.૮
શહેરના બાળોકના પ્રિય એવા સે-૨૮ના બગીચાનું નવીનીકરણ કોરોના કાળ પહેલા જ થયું હતું. બધી જ સુવિધા સાથે બગીચામાં ગ્રામહાટ ઉભું કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો જે સંદર્ભેની કામગીરી તંત્ર દ્વારા શરૂ કરવામાં આવી હતી અને પૂર્ણ પણ કરી દેવામાં આવી છે. પરંતુ છેલ્લા બે-એક વર્ષથી તૈયાર થયેલું ગ્રામહાટ હજી સુધી મુલાકાતીઓ માટે ખોલવામાં આવ્યું નથી. જેને લઈને અનેક સવાલ ઉભા થયા છે અને અઢળક ખર્ચો કરીને બનાવવામાં આવેલ ગ્રામહાટને હજી સુધી ખુલ્લુ ન મુકાતા મેઈન્ટેનન્સના અભાવે તે બિસ્માર બની રહ્યું છે તેવું જાણવામાં આવ્યું છે.

શહેરમાં સ્માર્ટસિટી પ્રોજેકટ અંતર્ગત વિવિધ યોજનાઓ અંતર્ગત શહેરના બગીચાઓનું નવીનીકરણ કરીને આધુનિક બનાવાઈ રહ્યા છે ત્યારે શહેરના સે-૨૮ના બાલોદ્યાનના રીનોવેશનની કામગીરી પણ કોર્પોરેશન દ્વારા શરુ કરવામાં આવી હતી. આ ઉપરાંત બગીચામાં કલાત્મક ચીજવસ્તુઓનું વેચાણ થઈ શકે તે માટે ગ્રામહાટ ઉભું કરવાનો નિર્ણય કરાયો હતો જેની કામગીરી પણ બગીચાના નવીનીકરણ વખતે જ કરવામાં આવી હતી. આ ગ્રામહાટમાં સ્ટોલ પણ બનાવવામાં આવ્યા છે જેમાં સ્થાનિક વેપારીઓને રોજગારી મળી શકે તે પ્રમાણેનું આયોજન કરાયું છે. આ કામગીરી પૂર્ણ થયાને બે વર્ષ જેટલો સમય થવા છતાં હજી સુધી મુલાકાતીઓ માટે ખુલ્લું મુકાયું નથી. આ ઢીલ સામે અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. આ ગ્રામહાટના આકર્ષણમાં વધારો કરે તેવો પ્રવેશદ્વાર બનાવવામાં આવ્યો છે પરંતુ તે ખુલ્લું મુકવામાં ન આવતા ગ્રામહાટમાં ઉભી કરવામાં આવેલી સુવિધાઓ બિસ્માર બની રહી હોય તેવું જણાઈ રહ્યું છે.

# રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા ઓનલાઈન 'પ્રોજેકટ ડિસપ્લે'




ગાંધીનગર, તા.૮
પ્રોજકેટ એ બાળકને સ્વતંત્ર રીતે કામ કરતી વખતે તેની ક્ષમતા બતાવવા માટે પ્રોત્સાહન આપે છે. તે સંશોધન કરવા જેવી ઈચ્છિત કુશળતા લાગુ કરવાની બાળકની ક્ષમતા વધારે છે. તે બાળકના તેના સાથીદારો સાથે કામ કરવાની તથા જૂથ કુશળતા વિકસિત કરવાની ક્ષમતા વિકસાવે છે.

ગાંધીનગર ખાતે આવેલ રંગોલી સ્કૂલે પોતાનું ગુણવત્તાભર્યું ભણતર આ કપરી પરિસ્થિતમાં પણ જાળવી રાખ્યું છે. શાળાનો મૂળ ઉદ્દેશ્ય બાળકોનો સંપૂર્ણ વિકાસ કરવાનો છે. રંગોલી સ્કૂલના આચાર્ય અનામિકા અંજારીયાના માર્ગદર્શનથી અને શાળાના દરેક શિક્ષકોના પરિશ્રમથી આ 'પ્રોજેકટ ડિસપ્લે'ને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો. જેમાં બાળકોએ વિવિધ પ્રકારના મોડેલ્સ, ચર અને પોસ્ટર બનાવ્યા હતા. જેમ કે પુલ્લી મશીન અને વોટર સાયકલનું મોડેલ, ભાષાઓનું જ્ઞાન જેમ કે નિબંધ, આલેખ અને નારા લેખન વગેરેનું લેખનકાર્ય પણ કર્યુ હતું.

સ્કૂલના દરેક વિદ્યાર્થીઓએ આ પ્રવૃત્તિમાં ઉમંગ સાથે ભાગ લીધો હતો અને વાલીઓએ પણ આ પ્રવૃત્તિને બિરદાવી હતી.

## બીસીએ કોલેજમાં વેબ ડિઝાઈનીંગ વિષય પર ઓનલાઈન વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૮
સોશિયલ મીડિયા અને કમ્પ્યુટર ટેકનોલોજીના યુગમાં જયારે કન્ટેન્ટ રજુ કરવા માટે વિવિધ એપ્લીકેશનનો ઉપયોગ થઈ રહ્યો છે ત્યારે કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ બીસીએ અને એસ.વી. ઈન્સ્ટિટયુટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા વેબ ડિઝાઈનીંગ વિષય અંતર્ગત એકસપર્ટ લેકચર સિરીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ વિષય સાથે આ ક્ષેત્રમાં રહેતી નોકરીની તકની જાણકારી પણ આપવામાં આવી હતી. આ વર્કશોપમાં બીસીએ સેમેસ્ટર-૨ના બસ્સો જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# સીપીએલ ટી-૨૦માં પોલીસ ટીમના અશોક ચૌધરીની ૩૫ બોલમાં સેન્ચ્યુરી

## ગાંધીનગર સિટી પોલીસ ટીમે ડોક્ટર્સ ટીમને ૧૪૩ રનથી હરાવી : બળવંતસિંહ ઝાલાની પાંચ વિકેટ



ગાંધીનગર, તા.૮
ગાંધીનગરના સેક્ટર-૮ ખાતે ચાલી રહેલી સીપીએલ ટી-૨૦ ટુર્નામેન્ટમાં રવિવારે રમાયેલી લીગ મેચમાં સિટી પોલીસનો ડોક્ટર્સ ટીમ સામે વિજય થયો હતો. આ મેચમાં મેન ઓફ ધ મેચ અશોક ચૌધરીએ માત્ર ૩૫ બોલમાં સેન્ચ્યુરી ફટકારતી ઝંઝાવાતી બેટીંગ કરી હતી.

સીપીએલ ટુર્નામેન્ટમાં ગાંધીનગર ડોકટર્સ ટીમે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરતા ગાંધીનગર પોલીસની ટીમે પહેલાં બેટીંગ કરતાં ૨૦ ઓવરમાં ૨૦૮ રનનો ખડકલો કર્યો હતો જેમાં અશોક ચૌધરીએ માત્ર ૩૫ બોલમાં ૧૦૮ રન ફટકારી દીધા હતા. આ સાથે મનુભાઈ ચૌધરીએ ૨૩ બોલમાં ૫૪ રન ફટકાર્યા હતા. વિશાળ સ્કોરનો પીછો કરતા ગાંધીનગર ડોક્ટર્સ ટીમ માત્ર ૬૫ રનમાં ઓલઆઉટ થઇ ગઇ હતી. પોલીસ ટીમના બળવંતસિંહ ઝાલાએ ૫ વિકેટ ખેરવી હતી. અશોક ચૌધરીને મેન ઓફ ધ મેચનો ખિતાબ એનાયત કરવામાં આવ્યો હતો.



એસ.એસ.વી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્લાસ્ટિકની બોટલોનો ઉપયોગ કરીને બેસ્ટ આઉટ ઓફ વેસ્ટની પ્રવૃત્તિ કરવામાં આવી હતી. આ પ્રવૃત્તિ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા પ્લાસ્ટીકની બોટલમાંથી પેન સ્ટેન્ડ અને ફલાવરપોટ જેવી ચીજવસ્તુઓ બનાવવામાં આવી હતી.

# સેકટર-૧૬ ઈન્કવાયરી પાસેથી ચોરીના મોબાઈલ સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૮
શહેરના સેકટર-૨૧ પોલીસ મથકની સર્વેલન્સ સ્કવોડની ટીમ પેટ્રોલીંગમા હતી તે દરમિયાન સેકટર-૨૩ ગુરુકુલ સ્કુલ પાસે આવતા સાથે રહેલા હેડ કોન્સ્ટેબલ મહાવીરસિંહ અને સુરેન્દ્રસિંહને બાતમી મળી હતી કે સેકટર-૧૬ ઈન્કવાયરી પાસે એક શખ્સ ચોરીના મોબાઈલ સાથે ઉભો છે. જેથી પોલીસે તાત્કાલીક સ્થળ પર જઈ તપાસ કરતા પીળા કલરની કાળી પટ્ટીવાળો ચેકસ શર્ટ અને સફેદ કલરનું પેન્ટ પહેરેલા શખ્સ આકાશ ઉર્ફે શેરગીરી રામગીરી બાવરી (રહે.સિધ્ધાર્થ લો કોલેજ પાછળ મુળ રહે. સિંદબાદ હોટલ સામે છાપરા)ને ઝડપી પાડ્યો હતો. તેની અંગજડતી લેતા ૨ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. પોલીસે ફોન અંગે બિલ માંગતા પોતાની પાસે નહી હોવાનું જણાવ્યું હતું. પોલીસે રૂ.૧૦ હજારના બે મોબાઈલ જપ્ત કરી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.





સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા વિવિધ સલાડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાની દરેક બહેનોએ ભાગ લીધો હતો.

# શહેરના યુવાનો થ્રીડી ચોકલેટ્સ અને કેન્ડલ્સથી વેલેન્ટાઈન્સ ડે ઉજવશે

## આ વખતે યુવાનો વેલેન્ટાઈન્સ ડેમાં પણ વોકલ ફોર લોકલ બની આત્મનિર્ભર ભારતને સપોર્ટ કરશે : ગાંધીનગરની યુવતીએ બનાવેલી થ્રીડી ચોકલેટ્સ અને કેન્ડલ્સ યુવાનોમાં લોકપ્રિય બની

ગાંધીનગર, તા.૮
આજના યુવા હૈયાંઓનો પ્રિય તહેવાર આગામી રવિવારે વેલેન્ટાઈન્સ ડે આવી રહ્યો છે અને અત્યારથી જ તેની ઉજવણી માટે યુવાનોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અત્યારે રોઝ ડે, ચોકલેટ ડે, પ્રોમિસ ડે, પ્રપોઝ ડે વગેરેની ઉજવણી થઈ રહી છે તે સાથે જ વેલેન્ટાઈન્સ ડે ઉજવવા તૈયારીઓ પણ કરી રહ્યાં છે. શહેરની એક દિકરીએ બનાવેલી હેન્ડમેઈડ ડીઝાઈનર થ્રીડી ચોકલેટ્સ અને કેન્ડલ્સ યુવાનોમાં ખૂબ જ લોકપ્રિય બની રહી છે.

એક તરફ આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત વડાપ્રધાને 'વોકલ ફોર લોકલ' બનવા એટલે કે સ્થાનિક ઉત્પાદનોને અપનાવવા હાકલ કરી છે જે આઝાદીની



લડત સમયે પૂ.ગાંધીજીએ અજમાવેલી સ્વદેશીની લડત સમાન છે. ગાંધીનગરમાં પણ 3Dgifts.in ફેસબુક પેજ થકી રાંદેસણના ઉર્જાનગર-૨માં રહેતી યુવતી નમ્રતા ભાનુપ્રિય દ્વારા બનાવાયેલી હેન્ડમેઈડ ડીઝાઈનર થ્રીડી ચોકલેટ્સ અને કેન્ડલ્સ વેલેન્ટાઈન ડેમાં પોતાના પ્રિયજનને ગીફ્ટ આપવા માટે યુવાઓ ખૂબ પસંદ કરી રહ્યાં છે. નમ્રતા પ્યોર હાર્ટશેપ અને સ્કેવરમાં હાર્ટશેપમાં મળીને ૪ ચોકલેટ્સ અને ૩ કેન્ડલ્સનું પેકિંગ બનાવે છે જેની કિંમત પણ તેણે 'આઈ લવ યુ' કહેવા માટે આજના યુવાનો જે કોડવર્ડ વાપરે છે તે વન-ફોર-થ્રી એટલે કે માત્ર રૂ.૧૪૩ રાખી છે જેમાં તે ગાંધીનગર શહેર વિસ્તારમાં ફ્રી હોમ ડિલીવરી પણ પુરી પાડે છે. તેનું 'થ્રીડીગીફ્ટ્સ

### થ્રીડી પ્રિન્ટથી બનેલ કેન્ડલ્સ કેન્ડલ લાઈટ ડીનર માટે પરફેક્ટ

વેલેન્ટાઈન્સ ડેમાં પ્રેમની અભિવ્યક્તિ કરવા માટે હાર્ટ શેપની ગીફ્ટ્સ કે ચોકલેટ્સનું ચલણ વધુ હોય છે એને ધ્યાનમાં રાખીને નમ્રતા પોતાના ભાઈ અલ્કેશ ભાનુપ્રિય જે થ્રીડી પ્રિન્ટીંગના વ્યવસાયમાં છે તેની મદદથી પોતાની હેન્ડમેઈડ ચોકલેટ્સ અને કેન્ડલ્સને આકર્ષક પરફેક્ટ શેપ મેળવે છે જે મજબુતાઈ પણ આપે છે. વળી તેણે થોડું સંશોધન કરીને બે-ત્રણ પ્રકારના મીણનું મિશ્રણ તૈયાર કર્યું છે જેના ઉપયોગથી બનાવેલી કેન્ડલ્સ ત્રણ કલાકથી વધુ સમય ચાલે છે જે એક કપલ માટે 'કેન્ડલ લાઈટ ડીનર' માટે આદર્શ બની રહે છે.



ડોટ ઈન' ફેસબુક પેજ ગાંધીનગરમાં ઝડપથી લોકપ્રિય બની રહ્યું છે. નમ્રતાના જણાવ્યા અનુસાર વેલેન્ટાઈન્સ ડે પછી તેનો આગામી પ્રોજેક્ટ બાળકો માટે શૈક્ષણિક ચોકલેટ્સ અને ટોય કેન્ડલ્સ બનાવવાનો છે જે બાળકોને જ્ઞાન સાથે ગમ્મત પણ પુરી પાડશે.

## જન્મદિને વધામણી



બિનલ શૈલેષ મુનશી
મો. ૯૮૨૫૭૮૭૬૪૭



દેવ-દેવન
હરજીભાઈ વાઘેલા



બીમલ હરિશભાઈ રાવલ
મો. ૯૮૨૫૭૮૭૬૪૭



વિનોદ ડી શર્મા (જોષી)
નિવૃત્ત શિક્ષક, નારદીપુર
મો. ૯૯૨૪૪ ૮૯૯૦૧



હેનિલ બ્રિજેશભાઈ નાયી
મો.૭૭૧૪૧ ૭૧૮૩૦



ભવ્ય પી. ભાવસાર
મો.૯૯૧૩૧૫૯૭૪૫



સુજાન ગીરીશભાઈ પટેલ
મો.૯૪૨૬૪૮૦૮૧૭



માહીબા જીગરસિંહ ડાભી

## ચિરવિદાય

● મુક્તિધામ ●
- સ્વ. પટેલ મુકુદચંદ્ર ભોગીલાલ ઉ.વ. ૭૮, મણીનગર, અમદાવાદ
- સ્વ. મકવાણા કાળાજી ધુળાજી ઉ.વ. ૬૪, સેકટર-૭
- સ્વ. પટેલ રાજ જીતેન્દ્રભાઈ ઉ.વ. ૧૭, પ્રાંતિયા

● રુદ્રભૂમિ અંતિમધામ ●
- સ્વ. હાડા જગદીશસિંહ કાળુસિંહ ઉ.વ. ૩૯, કુડાસણ